SHABDBRAHM E-ISSN: 3049 4230
VOLUME 1, ISSUE 2, OCTOBER 2025

# સ્વતંત્રતા ચળવળ અને સ્વાતંત્ર્યોતર એકત્રીકરણમાં સરદાર પટેલની ભૂમિકા

ડો. ઈશિતા જયેશકુમાર ઠક્કર
શ્રી બી.ડી.એસ આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ પાટણ.

## પ્રસ્તાવના

સરદાર વલ્લભભાઈ પટેલ[૧] ભારતના એક રાજકીય તથા સામાજિક નેતા હતા, જેમણે દેશની સ્વતંત્રતાની લડતમાં મહત્વનો ફાળો આપ્યો અને અખંડ, સ્વાતંત્ર ભારતના એકીકરણનું નેતૃત્વ કર્યું. ભારત અને દુનિયાભરમાં તેઓ સરદારના નામથી સંબોધાય છે. તેમનો ઉછેર ગુજરાતના ગામડામાં[૨] થયેલો અને તેમની શિક્ષા મુખ્યત્વે સ્વ-અભ્યાસથી થઈ હતી. વલ્લભભાઈ પટેલ એક વકીલ હતા અને તેમની સફળ વકીલાતની પ્રેક્ટિસ દરમ્યાન તેઓ મહાત્મા ગાંધીના કામ અને વિચારધારાથી ઘણા પ્રભાવિત થયા હતા. ત્યારબાદ તેમણે ગુજરાતના ખેડા, બોરસદ અને બારડોલીગામના ખેડૂતોને સંગઠિત કરી, અંગ્રેજોના અત્યાચાર સામે સત્યાગ્રહો કર્યા. તેમની આ ભૂમિકાના લીધે તેમની ગણના ગુજરાતના પ્રભાવશાળી નેતામાં થાય છે. ત્યારબાદ તેમણે ઇન્ડિયન નેશનલ કોંગ્રેસનું નેતૃત્વ પણ કર્યું અને બળવા તથા રાજકીય ઘટનાઓમાં આગેવાની કરી. તેમણે ૧૯૩૪ અને ૧૯૩૭ની ચૂંટણીમાં પાર્ટીની સંગઠિત કરી અને તેમણે ભારત છોડો આંદોલનમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો.

ભારતના પહેલા ગૃહમંત્રી અને ઉપપ્રધાનમંત્રી તરીકે, સરદાર વલ્લભભાઈ પટેલે પંજાબ અને દિલ્હીના નિરાશ્રિતો માટે સહાયનું આયોજન કર્યું હતું અને દેશભરમાં શાંતિની પુનઃસ્થાપના માટેના પ્રયત્નોનું નેતૃત્વ કર્યું હતું. સરદારે ૫૬૫ અર્ધસ્વાયત્ત રજવાડા અને બ્રિટીશ-રાજ વખતની રિયાસતોને એકત્રિત કરી એક અખંડ ભારતના નિર્માણનું બીડું જડપ્યું. તેમની નિખાલસ મુત્સદ્દીગીરીની સાથે જરૂર પડતા સૈન્યબળના વપરાશની તૈયારીને લીધે સરદારના નેતૃત્વએ ભારતના પ્રત્યેક રજવાડાંઓનો ભારતમાં સમન્વય પુરો કરાવ્યો. ભારતના લોખંડી પુરુષ તરીકે ઓળખાતા સરદારને ઓલ ઇન્ડિયા સર્વિસના[૩] રચયિતા હોવાથી 'પેટ્રન સૈન્ટ' તરીકે પણ ભારતીય

સનદી સેવામાં ઓળખવામાં આવે છે. સરદાર, ભારતમાં મુક્ત વ્યાપાર તથા માલિકી હક્કના સૌથી પહેલાં હિમાયતીઓમાંના એક હતા.

- **જન્મ અને કૌટુંબિક જીવન**

વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલનો જન્મ તેમના મામાના ઘરે નડીઆદ- ગુજરાતમાં થયો હતો. તેમની વાસ્તવિક જન્મ તારીખ ક્યાંય નોંધાઈ ન હતી પણ તેમણે તેમની મેટ્રીકની પરીક્ષાના પેપર વખતે ૩૧ ઓક્ટોબરને પોતાની જન્મ તારીખ તરીકે લેખાવી હતી. તેઓ હિંદુ ધર્મ પાળતા પિતા ઝવેરભાઈ અને માતા લાડબાના ચોથા પુત્ર હતાં. તેઓ ખેડા જિલ્લાના કરમસદ ગામમાં રહેતા કે જ્યાં તેમના પિતા ઝવેરભાઈની વાડી હતી. સોમાભાઈ, નરસિંહભાઈ તથા વિઠ્ઠલભાઈ[૪] તેમના મોટા ભાઈઓ હતા. તેમને એક નાના ભાઈ - કાશીભાઈ તેમજ એક નાના બેન - ડહીબા હતા. નાનપણમાં વલ્લભભાઈ તેમના પિતાને ખેતરમાં મદદ કરાવતા. ૧૮ વર્ષની ઉંમરે તેમના લગ્ન બાજુના ગામમાંજ રહેતા, ૧૨ કે ૧૩ વર્ષની ઉંમરના ઝવેરબા સાથે થયા હતા. રિવાજને આધીન, જ્યાં સુધી પતિ કમાઈને ઘર ચલાવવાની જવાબદારી ઉપાડી ન શકે ત્યાં સુધી તેની પરિણીતા તેના પિતાના ઘરે રહેતી.

SHABDBRAHM

- **આઝાદીની લડત**

મિત્રોના આગ્રહને માન આપી વલ્લભભાઈ ચૂંટણીમાં ઉતરી ૧૯૧૭માં અમદાવાદ શહેરના સ્વચ્છતા વિભાગના અધિકારી તરીકે ચૂંટાઈ આવ્યા. તેમના બ્રિટિશ અધિકારીઓ સાથે સુધરાઈ બાબત થતા મતભેદો છતાં તેઓને રાજકારણમાં બહુ રસ ન હતો. મોહનદાસ ગાંધીની બાબતમાં સાંભળીને તેમણે મવલંકરને મજાકમાં કહ્યું હતું કે “પુછશે કે ઘઉંમાંથી કાંકરાં વિણતા આવડે છે અને એનાથી દેશને આઝાદી મળશે" પણ ગાંધીજીએ જ્યારે ચંપારણ્ વિસ્તારના શોષિત ખેડૂતો માટે બ્રિટિશ સામ્રાજ્યની અવમાન્યા કરી ત્યારે વલ્લભભાઈ તેમનાથી ખૂબ પ્રભાવિત થયા હતા. ત્યારના ભારતીય રાજકારણના ચલણથી વિરુધ્ધ ગાંધીજી ભારતીય ઢબના કપડાં પહેરતા તથા અંગ્રજી, કે જે ભારતીય બુદ્ધિજીવીઓની સાહજીક ભાષા હતી, તેના બદલે માતૃભાષાના ઉપયોગને

પ્રોત્સાહન આપતા. વલ્લભભાઈ ખાસ કરીને ગાંધીજીના નક્કર પગલાં ભરવાના વલણ તરફ આકર્ષાયા હતા- જેમાં રાજકીય નેતા એની બેસન્ટની ધરપકડને વખોડતો પ્રસ્તાવ મૂકવા સિવાય ગાંધીજીએ તેમને મળવા સ્વયંસેવકોને શાંતિપ્રિય કૂચ કરવા પણ કહ્યું હતું.

વલ્લભભાઈએ તેમના સપ્ટેમ્બર ૧૯૧૭ના બોરસદમાં આપેલાં ભાષણમાં દેશભરના ભારતીયોને ગાંધીજીની અંગ્રેજો પાસેથી સ્વરાજની માંગણી કરતી અરજીમાં સહભાગી થવા માટે આહ્વાહન કર્યું હતું. એક મહિના પછી ગોધરામાં આયોજિત ગુજરાત રાજનૈતિક મહાસભામાં ગાંધીજીને મળ્યા  તથા તેમના તરફથી પ્રોત્સાહન મળ્યા બાદ વલ્લભભાઈ ગુજરાત સભાના સચિવ બન્યા કે જે આગળ ચાલીને ઇંડિયન નેશનલ કોંગ્રસની ગુજરાતી શાખામાં પરિવર્તિત થઈ હતી. વલ્લભભાઈએ હવે 'વેઠ' - ભારતીયો દ્વારા યુરોપિયનોની ફરજીયાત બેકારી સામે સ્ફૂર્તિથી લડવાનું ચાલુ કરી દીધું હતું તથા ખેડા જિલ્લામાં થયેલા પ્લેગના અતિક્રમણ અને દુષ્કાળથી રાહત આપતાં પગલાંઓ ભરવાનું ચાલુ કર્યું હતું. ખેડા જિલ્લાના ખેડૂતોને કર માંથી રાહત આપવાની વિનંતીને અંગ્રેજ સરકાર ઠુકરાવી ચૂકી હતી અને તેથી ગાંધીજીએ તેની સામે લડત આપવાની સંમતિ આપી. તેઓ પોતે ચંપારણમાં વ્યસ્ત હોવાથી આ લડતનું નેતૃત્વ ન કરી શક્યા અને તેથી તેમણે જ્યારે એક ગુજરાતી સક્રિય કાર્યકરને આ કામ માટે પોતાની જાતને સમર્પિત કરવાની હાકલ કરી ત્યારે વલ્લભભાઈએ સ્વેચ્છાથી પોતાનું નામ આગળ ધર્યું જે વાતની ગાંધીજીને ખુશી હતી. તેમણે આ નિર્ણય ત્વરિત કર્યો હોવા છતાં પાછળથી વલ્લભભાઈએ કહ્યું હતું કે એ ઈચ્છા તથા પ્રતિબધ્ધતાને અનુસરવાના તેમના નિર્ણય પર પહોંચતા પહેલા તેમણ ખૂબ આત્મચિંતન કર્યું હતું, કારણકે તેના માટે તેમણે પોતાની વકીલાતની કારકિર્દી તથા ભૌતિક મહત્વકાંક્ષાઓનો ત્યાગ કરવાનો હતો.

- **ગુજરાતનો સત્યાગ્રહ**

નરહરિ પરીખ, મોહનલાલ પંડયા તથા અબ્બાસ તૈયબજી જેવા કોંગ્રેસી સ્વયંસેવકોના સહયોગ સાથે વલ્લભભાઈએ ખેડા જિલ્લાના ગામે ગામ ફરી ગામવાસીઓના દુ:ખ તથા

તકલીફોની નોંધ કરી તેમને બ્રિટિશ સરકારને કર નહીં ભરીને રાજ્યવ્યાપી બળવામાં સહભાગી થવા કહ્યું. તેમણે સંભાવિત મુશ્કેલીઓ વચ્ચે પૂર્ણ એકતા તથા ઉશ્કેરણી સામે અહિંસા આચરવાને મહત્વ આપ્યું હતું. તેમને મોટાભાગે પ્રત્યેક ગામમાંથી ઉમળકાભેર પ્રતિસાદ મળ્યો. જ્યારે બળવાનું એલાન થયું અને કર નહીં ભરાયો ત્યારે અંગ્રેજ સરકારે મિલ્કત, તબેલાના પશુઓ તેમજ આખે આખાં ખેતરો જપ્ત કરવા પોલીસ તથા ધમકી આપવાવાળી પઠાણોની ટુકડીઓ મોકલી. વલ્લભભાઈએ પ્રત્યેક ગામના રહેવાસીઓને તેમની મૂલ્યવાન વસ્તુઓ છુપાવવા તથા પોલીસના છાપામાં સ્વરક્ષણમાં મદદ કરી શકે તેવા સ્વયંસેવકોની એક ટોળકી બનાવી હતી. હજારો કાર્યકર્તા તથા ખેડૂતોની ધરપકડ કરવામાં આવી, પણ પટેલને બંદી બનાવવામાં ન આવ્યા. બળવાને ભારતભરમાં સહાનુભુતિ તેમજ પ્રસંશા મળવા માંડી અને તે ગુટમાં બ્રિટિશ સરકારની તરફેણ કરવાવાળા રાજનીતિજ્ઞોનો પણ સમાવેશ થયો. બ્રિટિશ સરકાર વલ્લભભાઈ સાથે સમજૂતી કરવા તૈયાર થઈ અને વરસ માટે કર નહીં ભરવા તથા તેનો દર ઓછો કરવા તેણે મંજૂર થવું પડયું. આ ઘટના બાદ પટેલ ગુજરાતીઓ માટે નાયક તરીકે ઉભરી આવ્યા તથા ભારતભરમાં તેમનાં વખાણ થયાં. ૧૯૨૦માં તેઓ નવ-રચિત ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટાયા કે જેનો કારભાર તેમણે ૧૯૪૫ સુધી સંભાળ્યો. ગાંધીજીની અસહકાર ચળવળના સમર્થનમાં વદાભભાઈએ રાજ્યભરમાં પ્રવાસ કરી ૩ લાખ સભ્યો ભરતી કર્યા તથા રૂ.૧૫ લાખનું ભંડોળ ઉભું કર્યું. તેમણે અમદાવાદમાં અંગ્રેજી વસ્તુઓની હોળીઓ કરવામાં મદદ કરી તથા તેમાં પોતાના બધા અંગ્રેજી શૈલીના કપડાઓ નાંખી દીધા. તેમણે પુત્રી મણીબેન તથા પુત્ર ડાહ્યાભાઈ સાથે સંપૂર્ણ ખાદી પહેરવાનું ચાલુ કર્યું, ત્યાર બાદના વર્ષો દરમ્યાન તેમણે ગુજરાતમાં મદિરાપાનના અતિરેક, અસ્પૃશ્યતા તેમજ જાત-પાતના ભેદભાવના વિરોધમાં તથા નારી અધિકારની તરફેણમાં વિસ્તૃત કામ કર્યું. કોંગ્રેસમાં તેઓ સ્વરાજ્ય  ટીકાકારોની વિરુધ્ધમાં ગાંધીજીના દૃઢ સમર્થક રહ્યા. વલ્લભભાઈ ૧૯૨૨, ૧૯૨૪ અને ૧૯૨૭માં અમદાવાદ સુધરાઈના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા અને તેમના કાર્યકાળ દરમ્યાન અમદાવાદને મહત્વની વધારાની વીજળી પૂર્તિ આપવામાં આવી. ત્યાંની શાળા પદ્ધતિમાં ધરખમ સુધારાઓ થયા અને ત્યાંની જળ-કચરાના નિકાસ વ્યવસ્થામાં

SHABDBRAHM

આખા શહેરને આવરી લેવાયું. જે બ્રિટિશ સરકારના નિયંત્રણની બહાર હતી તેવી શાળાઓમાં[૫] ભણાવતા શિક્ષકોની માન્યતા અને પગાર માટે તેઓ લડયા હતા તથા તેમણે હિંદુ-મુસ્લિમના સંવેદનશીલ મુદ્દાને પણ હાથ ધર્યો હતો. ૧૯૨૭માં થયેલી અનરાધાર વર્ષાને કારણે આવેલા પૂરમાં અમદાવાદ શહેર તથા ખેડા જિલ્લામાં થયેલી જાન-માલની તારાજીને પહોંચી વળવા તેમણે સહાયતા અભિયાનનું સંચાલન કર્યું. તેમણે જિલ્લામાં નિરાશ્રિતો માટે કેંદ્રો ખોલ્યા- ખોરાક દવા તેમજ કપડાંની ઉપલબ્ધિ કરાવી આપી તથા સ્વયંસેવકો ઉભા કરી સરકાર તથા જનસમુદાય પાસેથી તાત્કાલિક નાણાં ભેગા કરી આપ્યા.

૧૯૨૩માં જ્યારે ગાંધીજી જેલમાં હતા ત્યારે કોંગ્રેસીઓએ સરદાર પટેલને ભારતીય ધ્વજને નહીં ફરકાવવાના કાયદા સામે નાગપુરમાં સત્યાગ્રહની આગેવાની કરવા કહ્યું. વલ્લભભાઈએ દેશભરમાંથી હજારો સ્વયંસેવકોને એકઠા કરી ધ્વજવંદન આયોજ્યું. તેમણે વાટાઘાટો દ્વારા બંદીઓની મુક્તિ કરાવી તથા રાષ્ટ્રવાદીઓ જાહેરમાં ધ્વજવંદન કરી શકે તેવી ગોઠવણ પણ કરાવી. તે વર્ષ દરમ્યાન પાછળથી વલ્લભભાઈ તથા તેમના કાર્યકરમિત્રોએ મળીને પુરાવા એકઠા કર્યાં કે જેના પ્રમાણે સરકાર ડાકુઓ સામે લડવા માટે વધારાનો કરવેરો નાંખવાની પેરવીમાં હતી. તેજ સમય દરમ્યાન પોલીસ બોરસદ તાલુકાના સ્થાનિક ડાકુઓ સાથે મળેલી હતી.

૬000થી પણ વધુ લોકો વલ્લભભાઈના ભાષણને સાંભળવા એકઠા થયા હતા અને બિન-જરૂરી તેમજ અનૈતિક ઠરાવેલા આ વધારાના કરની સામે પ્રસ્તાવિત વિરોધ ચળવળને સમર્થન આપ્યું. વલ્લભભાઈએ હજારો કોંગ્રેસી કાર્યકરોને ભેગા કર્યા તથા આજુબાજુના તાલુકાઓ વચ્ચે સુચનાઓની આપ-લે ચાલુ કરાવી. તાલુકાના દરેક ગામે કર ભરવાનો પ્રતિકાર કર્યો અને સંયુક્ત રહીને જમીન અને મિલ્કતને સરકારના કબ્જા હેઠળ જતા અટકાવી. એક લાંબી લડત બાદ સરકાર વધારાનો કરવેરો પાછો ખેંચવા તૈયાર થઈ. ઈતિહાસકારોનું માનવું છે કે આ લડતમાં વલ્લભભાઈની મુખ્ય ભૂમિકા જુદી જુદી જાત-પાતના લોકોને કે જેઓ ભિન્ન સામાજિક અને આર્થિક પાર્શ્વભૂમિથી સંકળાયેલા, તેમને સાથે લાવી તેમની વચ્ચે સુમેળ તથા વિશ્વાસ બેસાડવાની રહી.

SHABDBRAHM

એપ્રિલ ૧૯૨૭માં અમદાવાદ સુધરાઈની તેમની જવાદારીઓમાંથી બહાર નીકળી વલ્લભભાઈ આઝાદીની ચળવળમાં પાછા જોડાયા જ્યારે બારડોલીમાં કપરો દુષ્કાળ પડયો હતો અને ભારે કર વધારો કરવામાં આવ્યો હતો. મોટાભાગનું ગુજરાત દુષ્કાળની ઝપેટમાં આવ્યું હોવા છતાં આ કર વધારો ખેડા જિલ્લામાં કરેલા પહેલા વધારા કરતા પણ વધુ હતો. ગામવાસીઓના પ્રતિનિધિઓની સાથેની વાતચીત દરમ્યાન તેમને આગામી મુશ્કેલીઓની પુરતી ચેતવણી આપ્યા બાદ તથા અહિંસા અને એકતાની ઉપર પૂરતો ભાર મૂક્યા પછી તેમણે સત્યાગ્રહની ઘોષણા કરી -કર અદાયગીનો પૂર્ણબહિષ્કાર કર્યો. વલ્લભભાઈએ સંબંધિત વિસ્તારોમાં સ્વયંસેવકો, શિબિરો તથા માહિતીની આપ-લેની ગોઠવણ કરી. ખેડા જિલ્લામાં થયેલા કર બહિષ્કાર સત્યાગ્રહ કરતા પણ આ વખતે વધુ પ્રતિસાદ મળ્યો અને રાજ્યભરમાં સહાનુભુતિક ટેકો આપતા અન્ય સત્યાગ્રહો આયોજાયા. ધરપકડો તથા જમીન-મિલ્કતની જપ્તીઓ થઈ હોવા છતાં સત્યાગ્રહે જોર પકડયું. ઓગસ્ટ મહીના સુધીમાં સ્થિતિ તેની ચરમ સીમાએ પહોંચી ગઈ હતી અને ત્યારે મુંબઈ સરકારમાં ફરજ બજાવતા એક સહાનુભુતિક પારસીની મધ્યસ્થતાથી વલ્લભભાઈ સમજુતી માટે રાજી થયાં કે જેના થકી કર વધારો પાછો ખેંચાયો, સત્યાગ્રહની તરફેણમાં જે સરકારી અધિકરીઓએ રાજીનામાં આપ્યા હતા તેમની ફરી નિમણુક થઈ તથા જપ્ત કરેલી જમીન-મિલ્કત પરત કરાઈ. આ બારડોલી સત્યાગ્રહ દરમ્યાન તથા તેમાં વિજય મેળવ્યા બાદ વલ્લભભાઈ વધુ ને વધુ લોકોથી 'સરદાર'ના નામે સંબોધાવા લાગ્યા.

સરદાર પટેલે ભારતના ભાગલા સમયે એક ખાસ વાક્ય કહેતા હતા[૬] આપણે સહુ જાણીએ છીએ કે કાશ્મીર મુદ્દે સરદાર અને નહેરૂ વચ્ચે મતભેદો હતા. દેશના ભાગલા સમયે જ્યારે બ્રિટિશ સરકારે સત્તા છોડી ત્યારે લોર્ડ માઉન્ટબેટને કાશ્મીરના મહારાજાને હિંદી સંઘ અથવા પાકિસ્તાનમાંથી એકમાં ભળી જવાની સલાહ આપી હતી રાજા હરિસિંહજીએ તેમની અવગણના કરી હતી. મહારાજાએ પાકિસ્તાન સાથે અમુક કરારો કર્યા પરંતુ વિધિવત જોડાણ ન કર્યું જેથી પાકિસ્તાન ગુરુરો થયું અને કાશ્મીર સાથેનો તમામ વ્યવહાર અટકાવી દીધો. આ સમયે જીવન-જરૂરી પુરવઠો મેળવવા માટે કાશ્મિર ભારત તરફ વળ્યું અને પાકિસ્તાનને લાગ્યું કે કાશ્મિર

તેમનાં હાથમાંથી છુટીને ભારત પાસે સરકી જશે, અને આ ભય હેઠળ પાકિસ્તાને કાશ્મીરની સરહદ ઉપર છમકલાં કરવાની શરૂઆત કરી, ૨૩ ઓકટોબર ૧૯૪૭ના રોજ પાકિસ્તાને મોટાપાયે હુમલો કર્યો અને તેનુ સૈન્ય શ્રીનગરથી આશરે ૬૫ કિ.મી. દૂર સુધી પહોંચી ગયું. આ કટોકટીભરી સ્થિતિમાં મહારાજા હરિસિંહજીએ સરદારનો સંપર્ક સાધ્યો, સરદારતો આવા કોઈપણ આમંત્રણની રાહ જ જોઈ રહ્યા હતા. તેમણે તાબડતોબ મેનનને વિમાનમાં જમ્મુ મોકલ્યા અને મહારાજાએ હિંદી સંઘ સાથેના જોડાણખત ઉપર સહી કરી આપી અને લશ્કરી મદદની માંગણી કરી. સરદાર પટેલને આ સમાચાર મળતાં જ તેમણે લોર્ડ માઉન્ટ બેટન અને નહેરૂ સાથે મસલત કરી હવાઇ માર્ગે લશ્કર કાશ્મીર મોકલ્યું, પાકિસ્તાની સૈન્યએ ૨૬ ઓક્ટોબરને દિવસે શ્રીનગરમાં ઇદ ઉજવીને પોતાનો વિજય જાહેર કરવાનું ફરમાન કરી દીધું હતું, પરંતુ તે સાંજે જ ભારતીય લશ્કરનાં ધાડાં ઉતરી પડયાં. ઘમાસાણ યુદ્ધ થતાં પાકિસ્તાની સૈન્યએ પીછેહઠ કરવી પડી, પરંતુ કાશ્મીર પ્રશ્નો બંને દેશનાં ગવર્નર જનરલો તથા બે વડાપ્રધાનો વચ્ચે કોઈ સમજૂતી થઈ શકી નહીં. બંને સરકારોએ કોઈ પણ નિર્ણય લેતાં પહેલાં સામેવાળા લશ્કરને પાછું ખેંચવાની માંગણી કરી, પરંતુ બંનેની હઠના કારણે ત્યાં પણ કોઈ નિર્ણય થઈ શક્યો નહી. લોર્ડ માઉન્ટબેટને બ્રિટિશ વડાપ્રધાનને 'અંગત મધ્યસ્થી' માટે પ્રયાસ કરવા વિનંતિ કરી પરંતુ તેમણે એમ કરવાની ના પાડી અને સંયુક્ત રાષ્ટ્રસંઘનાં શરણે જવા સચવ્યું અંતે લોર્ડ માઉન્ટબેટનની સલાહથી હિંદ સરકારે સંયુક્ત રાષ્ટ્રસંઘ પાસે કાશ્મીરનો પ્રશ્ન રજૂ કરવાનો નિર્ણય કર્યો. આ ઝઘડો બહારની સંસ્થા સમક્ષ લઈ જવાના નિર્ણયથી ગાંધીજી ખુશ નહોતા, તેમણે ચેતવણી આપી હતી કે, 'એથી કેવળ વાંદરાનો ન્યાય જ મળશે.'

- **કોંગ્રેસનું નેતૃત્વ**

જ્યારે ગાંધીજીએ દાંડી સત્યાગ્રહ ચાલુ કર્યો ત્યારે સરદારની રાસ ગામમાંથી ધરપકડ કરી તેમની ઉપર સાક્ષી, વકીલની કે પત્રકારોની ગેરહાજરીમાં મુકદમો ચલાવવામાં આવ્યો. પહેલા સરદાર અને બાદ ગાંધીજીની ધરપકડથી સત્યાગ્રહે વધુ જોર પકડયું અને જ્યાં સુધી બન્નેને

SHABDBRAHM

છોડવામાં નહીં આવ્યા ત્યાં સુધી ગુજરાતના જિલ્લાઓએ કર વિરોધી ચળવળ ચલાવી. જેલમાંથી છૂટ્યા બાદ સરદાર વચગાળાના કૉંગ્રેસ પ્રમુખ બન્યા પણ તરત જ મુંબઈમાં એક સરઘસની આગેવાની કરતી વખતે તેમની પાછી ધરપકડ કરવામાં આવી. ગાંધી-ઇરવિન કરાર પર સહી થયા બાદ સરદારને કૉંગ્રેસના ૧૯૩૧નાં કરાંચી અધિવેશનમાં પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા કે જ્યાં કૉંગ્રેસે સમજૂતીની બહાલી કરી જેના પ્રમાણે તે મૂળભુત હક્કો અને માનવીય સ્વતંત્રતાઓ, બિનસાંપ્રદાયિક દેશ માટેની કલ્પના તથા ન્યૂનતમ વેતનની બહાલી અને અસ્પૃશ્યતા તથા ખેતગુલામીને નાબુદ કરવા પ્રત્યે કટીબદ્ધ રહેશે. સરદાર તેમના હોદ્દાનો ઉપયોગ કરી ગુજરાતના ખેડૂતોની જપ્ત થયેલી જમીન પરત અપાવવાનું આયોજન કરી આપ્યું. લંડનની ગોળમેજી પરિષદ નિષ્ફળ નીવડતા વેંત આઝાદી માટેની ચળવળને પુન: જોર જાન્યુઆરી ૧૯૩૨માં ગાંધીજી તેમજ સરદારની ધરપકડ કરી તેમને યરવડા જેલમાં રાખવામાં આવ્યા. તેમના જેલવાસ દરમ્યાન સરદાર અને ગાંધીજી વચ્ચે સ્નેહ, વિશ્વાસ તથા નિખલાસતાનું બંધન બંધાયો કે જેને મોટાભાઈ - ગાંધીજી અને તેમના નાના ભાઈ સરદાર વચ્ચેના બંધુત્વ તરીકે વર્ણવી શકાય. ગાંધીજી સાથે થતી સરદારની અવારનવાર દલીલો છતાં તેમને ગાંધીજીની સહજ વૃત્તિ તથા આગેવાની પ્રત્યે માન હતું. જેલવાસ દરમ્યાન બન્ને રાષ્ટ્રીય તેમજ સામાજિક મુદ્દાઓ ઉપર ચર્ચા કરતા, હિંદુ મહાકાવ્યો વાંચતા તથા વિનોદી ટુચકાઓ કહેતા. ગાંધીજીએ તેમને સંસ્કૃત ભાષા પણ શિખવી હતી. ગાંધીજીના સચિવ મહાદેવ દેસાઈ બન્ને વચ્ચેની વાર્તાલાપની વિસ્તૃત નોંધ રાખતા.

હરિજનોને વેગળા અપાયેલા મતદારમંડળના વિરોધમાં ગાંધીજી જ્યારે આમરણ ઉપવાસ ઉપર ઉતર્યા ત્યારે સરદારે તેમની દેખરેખ કરી હતા તથા પોતે પણ અન્નનો ત્યાગ કરી તેમાં જોડાયા હતા. પછીથી સરદારને નાસિક જેલમાં ખસેડવામાં આવ્યા કે જ્યાં ૧૯૩૪માં તેમનાં મોટાભાઈ વિઠ્ઠલભાઈના દેહાંત બાદ તેમની અંતિમક્રિયામાં ભાગ લેવા બ્રિટિશ સરકારે સરદારને થોડા દિવસો માટે મુક્ત કરવાની તૈયારી દાખવી હોવા છતા તેમણે તે સ્વીકારી ન હતી. ૧૯૩૪ અને ૧૯૩૭માં સરદારે અખિલ ભારતીય ચૂંટણી માટેના કૉંગ્રેસી પ્રચારનું નેતૃત્વ કર્યું હતું કે જેમાં

તેઓએ નાણાં એકઠા કરાવ્યા, ઉમેદવારોની પસંદગી કરી તથા મુદ્દાઓ અને પ્રતિસ્પર્ધિ તરફ કોંગ્રેસના વલણને નિશ્ચિત કર્યું.

પોતે ચૂંટણીમાં ઉભા ન હોવા છતાં તેમણે અન્ય કોંગ્રેસીઓને પ્રાંતીય તેમજ રાષ્ટ્રીય ચૂંટણી જીતવામાં માર્ગદર્શન પૂરું પાડયું હતું. હરસ માટેની શસ્ત્રક્રિયા કરાવ્યા છતાં ૧૯૩૭માં તેમણે બારડોલીમાં પ્લેગ તથા દુષ્કાળના અતિક્રમણ સામેના રાહતના કાર્યોમાં માર્ગદર્શન આપ્યું. તેમણે ચૂંટણીમાં જીતેલા કોંગ્રેસી મંત્રીઓને માર્ગદર્શન આપવાનું ચાલુ રાખ્યું કે જેનાથી પાર્ટીમાં શિસ્ત જળવાઈ રહી. સરદારને ડર હતો કે અંગ્રેજો ચૂંટાયેલા કોંગ્રેસીઓ વચ્ચે મતભેદો ઉભા કરવામાં કસર બાકી નહીં રાખે કે જેના લીધે પૂર્ણ હસ્વરાજના ધ્યેય ઉપરથી ચૂંટાયેલા કોંગ્રેસીઓનું ધ્યાન હટી જાત. ૧૯૩૬ના કોંગ્રેસ અધિવેશન દરમ્યાન નેહરુની સમાજવાદને અપનાવાની ઘોષણાની વિરુધ્ધ તેમના નેહરુ સાથે મતભેદો ઉભા થયા. ૧૯૩૮માં, ત્યારના કોંગ્રસ પ્રમુખ સુભાષચંદ્ર બોઝના ગાંધીજીની અહિંસાને લગતા સિદ્ધાંતોથી વિમુખ થવાના પ્રયત્નોનો સરદારે બીજા કોંગ્રેસીઓ સાથે મળીને વિરોધ કર્યો. તેઓ બોઝને સરમુખત્યારશાહ તથા પાર્ટી ઉપર વધુ વર્ચસ્વ સાધવાની ઈચ્છા ધરાવતા હોય તેમ માનતા. સરદારે વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓને લઈ વિરોધ દર્શાવ્યો કે જેના લીધે બોઝે રાજીનામું આપવું પડયું હતુ. પણ બોઝના સમર્થકો, સમાજવાદીઓ તથા બીજા કોંગ્રેસીઓ પાસેથી તેમણે ટીકાનો સામનો કરવો પડયો કે જેમના પ્રમાણે પટેલ પોતે ગાંધીજીના સત્તાધિકારને બચાવવા સરમુખત્યારની જેમ વર્તી રહ્યા હતા.

- **સ્વતંત્રતા, એકીકરણ તથા ગાંધીજીની ભૂમિકા**

ઉમેદવારી ૧૯૪૬માં કોંગ્રેસ પ્રમુખપદની ચૂંટણીમાં સરદારે નેહરુની તરફેણમાં પોતાની પાછી ખેંચી હતી. આ ચૂંટણીની મહત્તા એ હતી કે એમાં ચૂંટાઈ આવનારા પ્રમુખ, સ્વતંત્ર ભારતની પ્રથમ સરકારના નેતા બનવાના હતા. જ્યારે ગાંધીજીએ ૧૬ રાજ્યોના પ્રતિનિધિઓ તથા કોંગ્રેસને યોગ્ય ઉમેદવાર નિમવા જણાવ્યું ત્યારે ૧૬ માંથી ૧૩ પ્રતિનિધિઓએ સરદારનું નામ સૂચવ્યું હતું. છતાં ગાંધીજીની ઈચ્છાને માન આપી સરદારે ભારતના પહેલા પ્રધાનમંત્રી બનવાની તક

SHABDBRAHM

જતી કરી હતી. ગૃહમંત્રીની ભૂમિકામાં તેમણે કેંદ્રીય-તંત્ર હેઠળ ભારતનું એકીકરણ કર્યું, પણ માત્ર નેહરુને કારણે જમ્મુ કાશ્મીરનું પૂર્ણ સમન્વય બાકી રહી ગયું. નેહરુના કૉંગ્રેસ પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ, સરદારે ભારતની સંવિધાન સભાની સામાન્ય ચૂંટણી માટે કૉંગ્રેસની તૈયારીઓને દીશા આપવા માંડી. ચૂંટણીમાં કૉંગ્રેસે હિંદુ મતદાર મંડળમાંથી બહુમતીની બેઠકો જીતી, પણ મુસ્લિમ મતદાર મંડળમાંથી મોહમ્મદ અલી ઝીણાના નેતૃત્વ હેઠળ મુસ્લિમ લીગને બહુમતીની બેઠકો મળી. મુસ્લિમ લીગે 1940માં પાકિસ્તાન માટેની માંગણીની ઘોષણા કરી હતી તથા તેઓ કૉંગ્રેસના તીવ્ર ટીકાકાર હતા. સિંધ, પંજાબ તથા બંગાળને બાદ કરતાં, કે જ્યાં તેમણે બીજા પક્ષો સાથે ગઠબંધન કરી સરકાર બનાવી , બીજા બધા પ્રાંતોમાં કૉંગ્રેસે બહુમતીથી સરકાર બનાવી.

- **ભારતનું રાજકીય એકીકરણ**

૩જી જૂનની યોજના હેઠળ ૬૦૦થી વધુ રજવાડાંઓને ભારત કે પાકિસ્તાનની સાથે જોડાઈ જવાની કે પછી સ્વતંત્રતા સ્વીકારવાની તક આપવામાં આવી હતી. ભારતીય રાષ્ટ્રીયતાવાદીઓ તેમજ આમ જનતાના ઘણા ખરા ભાગને ડર હતો કે જો આ રજવાડાંઓનો સમન્વય નહીં થાય તો મોટાભાગનો જન સમુદાય તેમજ પ્રાંતો ખંડિત રહી જશે. કોંગ્રેસ તેમજ ઉપરી અંગ્રેજ અધિકારીઓનું માનવું હતુ કે રજવાડાંઓને ભારતના રાજ્ય સંગઠનમાં સમન્વિત કરવાની કામગીરી સરદાર ઉત્તમ રીતે પાર પાડી શકશે. ગાંધીજીએ સરદારને એક વાકય કહ્યું હતુ.[૭] સરદારની ગણના પ્રમાણિક અને વ્યહવારુ નિર્ણય લેવાની શકિત ધરાવતા મુત્સદ્દી રાજનીતિજ્ઞ તરીકે થતી હતી કે જેઓ મહત્વનું કામ સફળતાથી પાર પાડી શકતા હતા. સરદારે વી.પી.મેનનને, કે જેઓ ઉપરી સરકારી સનદી હતા તેમજ ભારતના ભાગલા વખતે સરદાર સાથે કામ કરી ચૂક્યા હતા, રાજ્ય ખાતામાં મુખ્ય સચિવ બની તેમના ખાસ સહયોગી બનવા કહ્યું હતું. ૬મે ૧૯૪૭ થી સરદારે રાજાઓની સાથે મંત્રણા ચાલુ કરી પોતાની વાત રજૂ કરી હતી કે જેના થકી રાજાઓ ભારતની બનવાવાળી સરકાર સાથે મંત્રણા કરવા રાજી થાય તથા સંભવિત ઘર્ષણો ઉભા ન થાય તેની તકેદારી લઈ શકાય. સરદારે સામાજિક મુલાકાતો તેમજ અનૌપચારિક વાતાવરણ, જેમકે

SHABDBRAHM

તેમના દિલ્હી ખાતેના ઘરે જમવા કે ચા માટે બોલાવીને મોટાભાગના રાજવીઓને વાટાઘાટોમાં સામેલ કર્યા હતા. આ મુલાકાતો વખતે તેમણે કહ્યું હતુ કે કોંગ્રેસ તથા રાજ રજવાડાંઓ વચ્ચે કોઈ મૂળભુત તકરાર છે નહીં, છતાં તેમણે એ વાત ઉપર ભાર આપ્યો હતો કે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે રજવાડાંઓએ સદ્ભાવનાથી ભારતની સાથે સમન્વિત થઈ જવું રહેશે. સરદારે રાજવીઓની સ્વદેશાભિમાનની લાગણીને ઉશ્કેરતા કહ્યું કે તેમણે એક જવાબદારી ભર્યા શાસકની જેમ, કે જેમને પોતાની જનતાના ભવિષ્યની કદર હોય, પોતાના રાજ્યની સ્વતંત્રતામાં સહભાગી થવું જોઈએ. તેમણે ૫૬૫ રાજવીઓને એ બાબત ઉપર સંમત કર્યા હતા કે તેમની પ્રજાની લાગણીઓ વિરુદ્ધ જઈને ભારતથી સ્વતંત્ર રહેવું તે અશક્ય જણાતું હતું. તેમણે વિલિનીકરણ માટે રાજવી સામે સાનુકૂળ શરતો મૂકી કે જેમાં રાજવીઓના વંશજો માટે અંગત ખર્ચ મુડીની પણ જોગવાઈ કરાઈ હતી.

સરદારનું પોતાનું વતન ગુજરાત હોવાને કારણે તેમના માટે જૂનાગઢ ખૂબ મહત્વનું હતુ. સર શાહનવાઝ ભુટ્ટોના દબાણને વશ થઈને ત્યાંના નવાબે પાકિસ્તાનમાં વિલિનીકરણ સ્વીકાર્યું કે જ્યારે તે પાકિસ્તાનથી ઘણું દૂર હતું તેમજ ત્યાંની ૮૦ ટકા પ્રજા હિંદુ હતી. સરદારે મુત્સદ્દીગીરી તથા બળનો સમન્વય કરતાં નવાબ પાસે માંગણી કરી હતી કે તેઓ પાકિસ્તાન સાથેના વિલિનીકરણને રદ્દ કરીને ભારત સાથે સમન્વિત થઈ જાય. તેમણે પોતાનો ઈરાદો પૂરવાર કરવા જૂનાગઢની હકૂમત નીચેના ૩ પ્રદેશોનો તાબો લેવા સેનાને મોકલી હતી.. મોટાપાયાના આંદોલનો તેમજ લોક સરકાર, કે જેને 'આરઝી હુકુમત" કહેવામાં આવી, તેના બન્યા પછી ભુત્તો તેમજ નવાબ બન્ને કરાંચી પલાયન થઈ ગયા અને સરદારના આદેશાનુસાર ભારતીય સેના તેમજ પોલીસની ટુકડીઓએ રાજ્યમાં કૂચ કરી તાબો લીધો.

"જો હૈદરાબાદ દિવાલ ઉપરના લખાણને અવગણશે તો તેની પરિસ્થિતિ પણ જૂનાગઢ જેવી થશે. પાકિસ્તાને કાશ્મીર ને જૂનાગઢ ને બદલે લેવાનો પ્રયત્ન કર્યો. જ્યારે અમે લોકશાહીથી મામલાને ઉકેલવાનો સૂઝાવ કર્યો ત્યારે તેમણે (પાકિસ્તાને) તુરંત જવાબ આપ્યો કે જો આપણે

કાશ્મીર માટે તેમ કરશું તો તેઓ તૈયાર છે. અમારો પ્રત્યુત્તર હતો કે “જો તમે હૈદરાબાદ માટે તૈયાર હો તો અમે કાશ્મીર માટે તૈયાર છીએ."

હૈદરાબાદ બધા રજવાડાંઓમાં સૌથી મોટું હતું અને અત્યારના આંધ્ર પ્રદેશ, કર્ણાટક તથા મહારાષ્ટ્રના ભાગોનો તેમાં સામાવેશ થતો હતો. ત્યાંના શાસક નિઝામ ઓરમાન અલી ખાં મુસ્લિમ હતા પણ ૮૫ ટકા પ્રજા હિંદુ હતી. નિઝામને સ્વતંત્રતા કે પછી પાકિસ્તાન સાથે સમન્વય જોઈતો હતો. રઝાકર તરીકે ઓળખાતા કાઝી રાઝવી હેઠળના મુસ્લિમ દળો કે જે નિઝામ પ્રત્યે નિષ્ઠા ધરાવતા હતા તેમણે નિઝામ ઉપર ભારત સામે ઉભા રહેવા માટે દબાણ કર્યું હતું અને સાથોસાથ સામ્યવાદી લડાઈખોરો સાથે મળીને ભારતની ભૂમિ ઉપર વસતા લોકો ઉપર હુમલાઓ કર્યા હતા. લડાઈ ટાળવાના લોર્ડ માઉન્ટબેટનના અત્યંત પ્રયાસ બાદ હયાતીમાં આવેલા સ્ટેન્ડ સ્ટિલ (જેમ છો તેમ) કરાર છતાં નિઝામ દરખાસ્તો ઠુકરાવીને પોતાનું વલણ બદલતા રહ્યા. સપ્ટેમ્બર ૧૯૪૮માં સરદારે મંત્રીમંડળની બેઠકમાં ભારપૂર્વક કહ્યું હતું કે ભારતે વધારે સહન ન કરવું જોઈએ અને તેમણે નેહરુ તથા ચક્રવર્તી રાજગોપાલાચાર્ય ને લશ્કરી કાર્યવાહી માટે મનાવી લીધા હતા. તૈયારીઓ બાદ, જ્યારે નેહરુ યુરોપની યાત્રા ઉપર હતા ત્યારે કાર્યવાહી પ્રધાનમંત્રી તરીકે સરદારે ભારતીય સેનાને હૈદ્રાબાદને ભારતમાં સમન્વિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. આખી યોજનાને ઓપરેશન પોલોનું નામ આપવામાં આવ્યું કે જેમાં હજારો રઝાકર દળના સભ્યો મરણ પામ્યા, પણ જેના અંતે હૈદરાબાદનું ભારતમાં સંપૂર્ણપણે વિલણીકરણ થઈ ગયું. લોર્ડ માઉન્ટબેટન તથા નેહરુનો બળ નહીં વાપરવા પાછળનો હેતુ હિંદુ - મુસ્લિમ હિંસા ટાળવાનો હતો, પણ સરદારનો ભારપૂર્વક મત હતો કે જો હૈદરાબાદને તેનો અઢંગા ચાળા ચાલુ રાખવા દીધા હોત તો સરકારની પ્રતિષ્ઠાને હાનિ પહોંચી હોત અને હિંદુ કે મુસ્લિમ કોઈ તેના રાજમાં સુરક્ષિતતાનો અનુભવ ન કરત. નિઝામને હરાવ્યા બાદ સરદારે તેમને રાજ્યના ઔપચારિક પ્રમુખ તરીકે રહેવા દઈ તેમની સાથે વાટાઘાટો કરી હતી.[૮]

- **પાદટીપ**

૧. (૩૧ ઓક્ટોબર ૧૮૭૫ - ૧૫ ડિસેમ્બર ૧૯૫૦)

૨. ખેડા જિલ્લાનું કરમસદ ગામ

૩. (સર્વ ભારતીય સેવા - રાજ્યકારભારની બધી બિનલશ્કરી શાખાઓ)

૪. (કે જેઓ પોતે પણ આગળ જઈને રાજનીતિજ્ઞ થયા)

૫. રાષ્ટ્રવાદીઓ દ્વારા સ્થાપવામાં આવેલી શાળાઓ

૬. "કાયરતા એ આપણી નબળાઈ છે, દુશ્મન સામે છપ્પનની છાતી રાખો."

૭. “રાજ્યોનો મામલો એટલો મુશ્કેલ છે કે માત્ર તમેજ તેને ઉકેલી શકશો.”

૮. ઓપરેશન પોલો ભારત રક્ષક. કોમ

SHABDBRAHM